# એક સાધે સબ સધે....

એક સાધે સબ સધે, સબ સાધે સબ જાય ;
જો તૂ સેવે મૂલકો, ફૂલે, ફલે, અઘાય.

આખા વૃક્ષની ડાળીએ ડાળીએ અને પાંદડે પાંદડે પાણી પહોંચાડવા માટે વૃક્ષના મૂળમાં પાણી રેડાવું જોઈએ; નહીં કે તેની ડાળીએ ડાળીએ અને પાંદડે પાંદડે. પ્રથમ તો વૃક્ષના પાંદડે પાંદડે પાણી રેડવું શક્ય જ નથી, પરંતુ કોઈ અજ્ઞાની ઘણો પ્રયત્ન કરીને થોડાં પાંદડાંઓને પાણી પહોંચાડી શકે તોય તે નિષ્ફળ છે કારણ કે પાંદડે ચોંટેલા પાણીથી પાંદડાને પોષણ મળતું નથી પણ ઉપરથી પાંદડું સડવા લાગે છે. પાંદડે પાંદડે પાણી પહોંચાડવાનો સાચો અને સહેલો ઉપાય એક જ છે કે વૃક્ષના મૂળમાં પાણી રેડવું.

સુખ-શાંતિમય જીવન જીવવા માટે પણ જીવનના મૂળમાં પાણી રેડાવું જોઈએ. જીવનનું મૂળ છે સત્ય સમજ અર્થાત્ તત્ત્વજ્ઞાન.

"એક સાધે સબ સધે." સાચી સમજની સાધના દ્વારા બધી જ સાધના સિદ્ધ થાય છે. સાગરના એક બુંદ પાણીના ગુણધર્મો જાણી લેવાથી આખા સાગરના પાણીના ગુણધર્મોથી સુમાહિતગાર થઈ જવાય છે. પછી આખા સાગરના પાણીના પૃથક્કરણની જરૂરત રહેતી નથી.

"સબ સાધે સબ જાય." અમુક સ્ત્રી-શરીરોમાં શું હશે - કેવાં હશે અથવા અમુક પુરુષ-શરીરોમાં શું હશે - કેવાં હશે એવાં કુતૂહલ-જિજ્ઞાસા સંતોષવા ગમે તેટલાં સ્ત્રી-પુરુષ શરીરો ચૂંથ્યા કરીએ તોય તેનો અંત આવે નહીં. પણ કોઈ એક જ શરીર વિષે બરોબર જ્ઞાન પ્રાપ્ત કરી લઈએ કે તે પંચમહાભૂતનું છે તો પછી બીજાં બધાં જ શરીરો-પશુ-પક્ષી વગેરેનાં શરીરો અને સમસ્ત વિશ્વના ભૌતિક પદાર્થો- પંચમહાભૂતોમય જ છે તે જાણકારી પ્રાપ્ત થતાં વાર લાગતી નથી. અને આવી જાણકારી ઉપરામતા બક્ષે છે.

સાત આંધળાના હાથમાં હાથીનાં જુદાં જુદાં અંગો આવ્યાં. જેના હાથમાં સૂંઢ આવી તેણે હાથીને સાંબેલા જેવો, જેના હાથમાં તેનો પગ આવ્યો તેણે હાથીને થાંભલા જેવો, જેના હાથમાં પૂંછડું આવ્યું તેણે હાથીને દોરડા જેવો કહ્યો. હાથી વિષે સાતે આંધળાઓએ પોતાના મત વ્યક્ત કર્યા પણ સાતે મત ખોટા હતા. પરંતુ હાથી વિષે ફક્ત એક દેખતાએ જે મત વ્યક્ત કર્યો કે હાથી, હાથી જેવો છે તે જ ફક્ત સાચો હતો. એક દેખતાની તુલનામાં સાતે આંધળા ખોટા હતા.

"બ્રહ્મ સત્યં જગત મિથ્યા." બ્રહ્મ જ એક સત્ય છે, જગત મિથ્યા છે અર્થાત્ બ્રહ્મ અખંડ-એકરૂપ છે, જગત સતત પરિવર્તનશીલ છે. જગત-પદાર્થો સતત પરિવર્તનશીલ હોવાના કારણે આવતી ક્ષણમાં તે વર્તમાન ક્ષણ જેવા નથી. વળી સમસ્ત વિશ્વ ઇન્દ્રિયગોચર - ઇન્દ્રિયો દ્વારા અનુભવી શકાય તેવું છે. ઇન્દ્રિયોની ક્ષમતા-શક્તિ કેટલી? ઇન્દ્રિયો પોતે પણ પરિવર્તનશીલ છે.

એક આંખને આંગળીથી થોડી દબાવીને ચંદ્ર સામે જોવાથી ચંદ્ર બે દેખાય છે. જેની આંખમાં આવી વિકૃતિ હોય તેને પણ ચંદ્ર બે દેખાય. વિકૃતિવાળાની દષ્ટિએ ચંદ્ર બે છે અને વિકૃતિ વિનાનાની દષ્ટિએ ચંદ્ર એક છે. નવ્વાણું કહે ચંદ્ર એક છે, એક કહે ચંદ્ર બે છે. કોણ સાચું ? નવ્વાણું સાચા. પણ સોમાંથી નવ્વાણું આવી વિકૃતિવાળા હોય અને એક વિકૃતિ વિનાનો હોય ત્યારે કોનું સાચું માનવું ? આપણને ચંદ્ર એક દેખાય છે તે આપણી વિકૃત દષ્ટિનું પરિણામ નહીં હોય તેની ખાતરી શું ? તેથી મર્યાદિત શક્તિઓવાળી ઇન્દ્રિયોથી અનુભવેલું જગત મિથ્યા છે, અર્થાત્ જેવું અનુભવાયું છે તેવું તે નથી. નીચે બેસીને જમીન ઉપર નિરખીએ તો કોઈ જીવ-જંતુ દેખાતાં નથી. પણ સૂક્ષ્મદર્શક યંત્ર વડે જો જોઈએ તો ઘણા જીવો ખદબદતા દેખાય છે. જેની આંખ સૂક્ષ્મદર્શક યંત્ર જેટલી ક્ષમતાવાળી હોય તેને ઘણું બધું દેખાય. બૅક્ટેરિયાથી ખદબદતા દહીંને આપણે મોજથી ખાઈએ છીએ પણ કોઈ અપવાદો એવા પણ મળી આવે છે કે જેની આંખ સામાન્ય આંખ કરતાં વધુ શક્તિશાળી હોય, તેને દહીંમાં ખદબદતા જંતુઓ દેખાય છે અને તેથી તે દહીંને હાથ પણ નથી લગાડતો. જટાયુના ભાઈ સંપાતિની આંખ એટલી શક્તિશાળી હતી કે તેને હજારો ગાઉ દૂરથી પણ રાવણની અશોકવાટિકામાં બેઠેલાં સીતાજી દેખાતાં હતાં. એ વખતે રામ, લક્ષ્મણ વગેરેને કોઈને નહોતાં દેખાતાં. સંજય પણ ખૂબ દૂરથી કુરુક્ષેત્રમાં ચાલતા યુદ્ધની વાત ધૃતરાષ્ટ્રને કહી બતાવતો હતો.

ઇન્દ્રિયોની અતિ વિકસિત શક્તિઓ દ્વારા અથવા કોઈ ભૌતિક સાધનની મદદથી અગમ્ય વસ્તુ ગમ્ય થઈ શકે છે, અદષ્ટ વસ્તુ દષ્ટ થઈ શકે છે, એક હોય ત્યાં અનેક અને અનેક હોય ત્યાં એક અનુભવી શકાય છે. જગત ઇન્દ્રિયો દ્વારા અનુભવી શકાય છે અને ઇન્દ્રિયોની શક્તિ મર્યાદિત છે તેથી ઇન્દ્રિયોથી અનુભવાયેલું જગત મિથ્યા છે. આવી પ્રયુક્તિથી 'એક સાધે સબ સધે' સાધવાનું છે. બ્રહ્મ જ એક સત્ય છે અર્થાત્ ''બ્રહ્મનું એકરૂપપણું સતત છે'' તેવી સમજણનું સાતત્ય સાધવું તેનું નામ જ મૂળને સેવીને ફૂલવું-ફળવું અને અઘાવું (તૃપ્ત થવું).

જગતના મિથ્યાપણાના સાચા જ્ઞાનની પ્રાપ્તિરૂપી એક સાધે સબ સધેની પ્રાપ્તિ થઈ જાય પછી શાનો આગ્રહ કે હઠાગ્રહ રહે ? પછી કાળું-ધોળું નથી, ગોળ-લાંબું નથી, મીઠું-કડવું નથી, ઊંચું-નીચું નથી, પાપ-પુણ્ય નથી, સ્ત્રી-પુરુષ નથી, 'છે'નથી, 'નથી' નથી, 'હતું' નથી, 'હશે' નથી. હાલમાં જે કાંઈ 'છે-નથી' વગેરે છે તે બધું ઇન્દ્રિયોની શક્તિમર્યાદાને અનુરૂપ છે, સતત પરિવર્તનશીલ છે. તો પછી તે બધાં માટે આગ્રહ-હઠાગ્રહ-અત્યાગ્રહ-સત્યાગ્રહ શા માટે ? અને જો આમાંનો એકેય ગ્રહ ન હોય તો પછી હર્ષાગ્રહ અને શોકાગ્રહ પણ શાના આશ્રયે રહે ? અને તો પછી ફૂલે, ફળે અને અઘાય જ ને !

કોઈ કોઈ ભગવાનના અવતારોના ફોટાઓમાં તેમનો એક હાથ જ્ઞાનમુદ્રાયુક્ત દર્શાવ્યો હોય છે. હાથની પહેલી આંગળીનું ટેરવું અને અંગૂઠાનું ટેરવું ભેગાં કરીને બાકી ત્રણ આંગળીઓને ઊભી રાખવામાં આવે છે, તેને જ્ઞાનમુદ્રા કહે છે. જો કોઈ જણાવનાર અને જાણનાર હોય તો જ્ઞાનમુદ્રામાં ઘણાં રહસ્યો રહ્યાં છે. ઊભી ત્રણ આંગળીઓમાંથી અનામિકાને બતાવીને કોઈને પૂછીએ કે આ આંગળી નાની છે કે મોટી ? તો જોનારામાંથી અડધા કહેશે કે નાની છે અને અડધા કહેશે કે મોટી છે. પછી પોતાનો મત સાબિત કરવા બંને પક્ષ લડી મરે છે. તે વખતે સંત તેનું સમાધાન કરે છે કે, '' ભાઈ, એક રીતે તમે બંને સાચા છો. કનિષ્ઠિકા આંગળીની તુલનાએ અનામિકા આંગળી મોટી છે પરંતુ મધ્યમા આંગળીની તુલનાએ તે નાની છે. આથી ઊલટી રીતે વિચાર કરો તો બંને ખોટા પણ છો.'' સાપેક્ષવાદને સમજાવવા માટે આ જ્ઞાનમુદ્રા સરળ અને અમોઘ યુક્તિ છે. જ્યાં એક જ બાબતમાં આપણે સાચા પણ ન હોઈએ અને ખોટા પણ ન હોઈએ અથવા સાચા પણ હોઈએ અને ખોટા પણ હોઈએ ત્યાં ઝઘડો પણ શા માટે ? અને અશાંતિ પણ શા માટે ?

પરમ ઉપકારી સંતોએ સાચી સમજણરૂપી અમૃતના હોજ ભરી દીધા છે. આપણે તેમાં ડૂબી મરવું છે, તેમાં ભૂસકા મારવા છે, કે તેમાંથી લોટેલોટા ભરીને પીવું છે, કે તેમાંથી અંજલિભર જ લેવું છે, કે તે હોજથી હજારો ગાઉ દૂર જ રહેવું છે ? આપણે શું કરવું છે તેની પણ આપણને ખબર છે ?

અદ્વૈત, દ્વૈત, ત્રૈત, વિશિષ્ટાદ્વૈત, કેવલાદ્વૈત, શુદ્ધાદ્વૈત, દ્વૈતાદ્વૈત અને આવું ઘણું બધું જે કાંઈ હોય તેમાંથી કોઈ એકાદ તરફ પક્ષપાત-આગ્રહ રહે જ શાનો ? જો આખો હાથી જોઈ લીધો હોય તો આખો હાથી જોનારને તો હાથીની સૂંઢ, પગ, કાન, દાંત, પૂંછડું વગેરે બધું જ હાથીનું છે અને એ બધાં મળીને પણ હાથી જ છે. સમાધાન માટે આપેલાં સાધનો દ્વારા જ જો અસમાધાનના વંટોળમાં ફસાઈએ તો સાધનો આપનારા બિચારા શું કરે ? જ્યાં બધું નેતિ નેતિ હોય ત્યાં કોઈ એક મત દ્વારા ઈતિ કઈ રીતે લાવી શકાય ?

જેણે જે કાંઈ મતો વ્યક્ત કર્યા તેણે તે ઘણા મનોમંથન પછી કર્યા તેથી તેમાં જરૂર કાંઈ ઉપયોગી તથ્ય છે. પણ તે જ સર્વસ્વ નથી. સર્વ મતો દ્વારા 'નેતિ' જ વ્યક્ત થવાનો પ્રયત્ન કરે છે અને છતાંય તે નેતિ 'નેતિ-નેતિ' જ રહે છે ! વ્યષ્ટિ, વ્યષ્ટિ છે અને સમષ્ટિ, સમષ્ટિ છે ; બિંદુ, બિંદુ છે અને સિંધુ, સિંધુ છે. આમ, બધું છે-છે અને બધું નથી-નથી.

બે મારવાડી મિત્રો પ્રાણીસંગ્રહાલયમાં જાય છે. એક મિત્રે કદી હાથી જોયેલો નહીં તેથી તે હાથીને જોઈને - તેની સૂંઢ અને પૂંછડી જોઈને અચંબામાં પડી જાય છે. વિચારે છે કે આ બેમાંથી તેનું મોઢું કઈ બાજુ હશે ? પોતે નિર્ણય ન કરી શકવાથી પોતાના મિત્રને, હાથીની સૂંઢ અને પૂંછડી બતાવીને પૂછે છે કે અઠે પૂંછ, બઠે પૂંછ, મૂઢો કઠે ? અર્થાત્ આગળે પૂંછડું, પાછળે પૂંછડું તો હાથીનું મોઢું ક્યાં ?

ઉપરની વાત સાંભળીને આપણને જરૂર હસવું આવે પણ ઘણી બધી બાબતોમાં આપણી પણ આ જ દશા છે. આપણી જ રૂઢ માન્યતાને સાચી ઠરાવવા માટે આપણે વણજોતા ભેખડે ભરાઈએ છીએ. પેલા અજાણ્યા ભાઈએ તો પોતાના જાણકાર મિત્રને પૂછીને હાથીના મોઢા વિષે સાચી માહિતી પ્રાપ્ત કરી લીધી પરંતુ આપણે તો જાણકારનાય જાણકાર બનવાના દુરાગ્રહમાં જીવનભર વણજોતા દુઃખોમાં સબડીએ છીએ.

પ્રાર્થના અને પ્રયત્ન દ્વારા અથવા જે રીતે મળે તે રીતે 'એક સાધે સબ સધે' વિદ્યાને સાધીને આગ્રહ, અત્યાગ્રહ, સત્યાગ્રહ, હઠાગ્રહ, દુરાગ્રહ, પૂર્વગ્રહ, પરિગ્રહ, ગ્રહ, ઉપગ્રહ વગેરે ગ્રહોની ભ્રમજાળમાંથી છૂટીને ફૂલીએ, ફળીએ અને અધાઈએ.

વાગેલા કાંટાને સોયથી કાઢીને પછી તે બંનેને ફેંકી દઈએ. કાંટાને કાઢવા જતાં સોય પેસી ન જાય - બકરાને કાઢવા જતાં ઊંટ પેધી ન જાય ! આવા લેખોના પૂર્વગ્રહ, પ્રતિગ્રહ અને અનુગ્રહથી પણ વિમુક્ત હોઈએ. કેમકે આગ્રહના દુરાગ્રહની અને દુરાગ્રહના આગ્રહની નાગચૂડ સદા અણઊકલી જ રહેતી હોય છે.